## જાતિય સંભોગ દરમ્યાન મને Kyleena® અનુભવાશે?

જાતિય સંભોગ દરમ્યાન તમને અને **તમારા જીવનસાથીને, તમારી Kyleena® અનુભવાવી જોઈએ નહિ.** જો તમને તે અનુભવાતી હોય તો તમારા ડોક્ટર કે નર્સનો સંપર્ક કરો.

## શું Kyleena® બહાર નીકળી જઈ શકે?

તમારી Kyleena® તેની જગ્યાએથી ખસી જાય તે શક્ય છે, પરંતુ બહુ સંભવ નથી. જો તમને દુખાવો થાય કે રક્તસ્ત્રાવ વધી જાય, તો ગર્ભનિરોધકની પ્રતિકારક પદ્ધતિ વાપરો (જેમ કે નિરોધ) અને તમારા ડોક્ટર કે નર્સ સાથે અપોઈન્ટમેન્ટ કરો.

## શું હું Kyleena®વાપરીને ગર્ભવતી થઈ શકું?

Kyleena® તેના વપરાશના દરેક વર્ષ **માટે 99% કરતાં વધારે અસરકારક** છે, આથી તેના વપરાશ દરમ્યાન તમે ગર્ભવતી થાવ તે શક્ય નથી. કેટલીક સ્ત્રીઓને લાગ્યું છે કે તેઓ Kyleena® વાપરતાં હોય ત્યારે તેમનું માસિક ચક્ર બદલાયું છે અથવા તે સાવ જ બંધ થઈ ગયું છે, આથી તમારું માસિક ન આવ્યું હોવાનો અર્થ એવો નથી કે તમે ગર્ભવતી છો.

જો તમને ચિંતા હોય અથવા ગર્ભાવસ્થા જેવાં ચિહ્નો, જેમે ઉબકા આવવા, થાક લાગવો કે સ્તનમાં દુખાવો થવા લાગવો વગેરે જણાય તો બને તેટલું જલદી તમારા ડોક્ટર કે નર્સને મળવાનું ઉત્તમ છે.

જો તમે Kyleena® વાપરતી વખતે ગર્ભવતી થાવ, તો શક્ય છે કે તે ગર્ભાવસ્થા ગર્ભાશયની બહાર વિકસતી હોય; આને એક્ટોપિક ગર્ભાવસ્થા કહે છે. એક્ટોપિક ગર્ભાવસ્થાનાં કેટલાંક લાક્ષણિક ચિહ્નો છેઃ

- **માસિક ચૂકી જવું તે બાદ સતત રક્તસ્ત્રાવ કે દુખાવો થયા કરવો**
- **તમારા પેઢુના ભાગમાં સખત કે સતત દુખાવો થયા કરવો**
- **ગર્ભાવસ્થાનાં સાધારણ લક્ષણો જેમ કે ઉબકા આવવા અને થાક લાગવો, તે ઉપરાંત તમને રક્તસ્ત્રાવ પણ થાય અને ચક્કર પણ આવે**
- **ગર્ભાવસ્થાના ટેસ્ટનું પોઝિટિવ પરિણામ**

## શું હું Kyleena®વાપરવાનું બંધ કરી શકું?

Kyleena® આરોગ્ય સંભાળના વ્યવસાયિક દ્વારા બહાર કાઢી શકાય છે, **તમે કોઈ પણ સમયે Kyleena® વાપરવાનું બંધ કરવાનું પસંદ કરી શકો છો.** તમારા ડોક્ટર કે નર્સ સાથે વાત કરો, તેઓ તે કાઢી આપવાની ગોઠવણ કરી આપશે.

## શું Kyleena® મારી પ્રજનનક્ષમતાને અસર કરશે?

એક વાર Kyleena® કાઢી લેવામાં આવ્યા પછી **તમારી પ્રજનનક્ષમતા ફરી પાછી પહેલાંના સ્તરે આવી જશે.**

## શું Kyleena® કોઈ આડઅસરો કરી શકે?

પ્રોજેસ્ટોજીન ધરાવતી અન્ય હોરમોનવાળી ગર્ભનિરોધકોની જેમ જ કેટલીક સ્ત્રીઓમાં Kyleena® આડઅસરો કરી શકે છે, જેમ કે માથું દુખવું, પેટ કે પેઢુમાં દુખાવો, ખીલ/તૈલી ચામડી, માસિકસ્ત્રાવમાં ફેરફારો, ઓવરી ઉપર ગાંઠ, બાહ્ય યોનિમાર્ગના અવયવો અને યોનિમાર્ગમાં બળતરા.[3] આની સંપૂર્ણ વિગતો Kyleena® ના ખોખા સાથે આવેલી પત્રિકામાંથી મળી રહેશે જે તમારા ડોક્ટર કે નર્સે તમને આપવી જોઈએ.

**જો તમને કોઈ આડ અસરો થાય, તો સલાહ મેળવવા તમારા ડોક્ટર, ફાર્માસિસ્ટ કે નર્સ સાથે વાત કરો.**

## મને વધારે માહિતી ક્યાંથી મળી શકે?

જો તમને Kyleena® વિશે કોઈ પ્રશ્નો હોય, તો તમારા ડોક્ટર, નર્સ કે ફાર્મસિસસ્ટ સાથે વાત કરો.

### આડઅસરોની જાણ કરવી

જો તમને કોઈ આડ અસરો થાય, તો તમારા ડોક્ટર, ફાર્માસિસ્ટ કે નર્સ સાથે વાત કરો. આમાં પેકેજમાં આપેલ પત્રિકામાં ન જણાવેલી હોય તેવી અન્ય કોઈ સંભવિત આડ અસરોનો પણ સમાવેશ થઈ જાય છે. તમે આડઅસરો વિશે સીધા જ www.mhra.gov.uk/yellowcard પર યલો કાર્ડ સ્કીમ મારફતે પણ જાણ કરી શકો છો અથવા Google Play કે Apple App Store પર MHRA Yellow Card સર્ચ કરો.

આડ અસરોની જાણ કરીને, તમે આ દવાની સલામતી વિશે વધારે માહિતી પૂરી પાડવામાં મદદ કરી શકો છો.


**સંદર્ભોઃ**

1. Kyleena® ઉત્પાદનની લાક્ષણિકતાઓનો સંક્ષેપ્ત.
2. NHS. ગર્ભનિરોધક વિશેની તમારી માર્ગદર્શિકાhttps://www.nhs.uk/conditions/contraception/ius-intrauterine-system/ [માર્ચ 2023માં પ્રાપ્ત કરાયેલ]
3. Kyleena® દર્દીઓને માહિતી આપતી પત્રિકા



Bayer plc, 400 South Oak Way, Green Park,
Reading, Berkshire, RG2 6AD, United Kingdom
PP-KYL-GB-0152 V1.0 | એપ્રિલ 2023




# Kyleena®

19.5MG INTRAUTERINE DELIVERY SYSTEM
LEVONORGESTREL

## તમારી Kyleena® વિશેની માર્ગદર્શિકા







Bayer દ્વારા ઉત્પાદિત

આ પત્રિકા જે સ્ત્રીઓને Kyleena® લખી આપવામાં આવી હોય અને Bayer દ્વારા બનાવવામાં આવી હોય તેમના માટે છે. સંપૂર્ણ વિગતો માટે કૃપા કરીને તમારી Kyleena® ના ખોખામાં આપેલી દર્દીઓને માહિતી આપતી પત્રિકા (PIL) વાંચો.

**તમને આ પુસ્તિકા એટલા માટે આપવામાં આવી છે, કારણ કે તમે Kyleena® (કાયલીના), એક નાની ઈન્ટ્રાયુટરીન સિસ્ટમ (IUS) પસંદ કરેલ છે, જે ગર્ભાવસ્થા રોકવા માટે તમારા ગર્ભાશયમાં મૂકવામાં આવે છે.**

## Kyleena®:

- IUS, લાંબા સમય માટે કામ કરતી પ્રતિવર્તી એટલે કે ઉલટાવી શકાય તેવી ગર્ભનિરોધક (long-acting reversible contraception (LARC)) છે
- તે હોરમોનનો હળવો ડોઝ રીલીઝ કરે છે
- તેમાં ઈસ્ટ્રોજીન હોતું નથી
- તમને બાળક થયેલું હોય કે નહિ તો પણ તે વાપરી શકાય છે
- ગર્ભનિરોધકની જરૂરત હોય તેવી તમામ ઉંમરની લાયક સ્ત્રીઓ માટે તે યોગ્ય છે

## આ Kyleena છે®:




એક નાની, લવચિક, પ્લાસ્ટિકની T આકારની જે તમારા ગર્ભાશયમાં રહે છે. એક વાર ફિટ કરવામાં આવ્યા પછી, તે ત્યાં નાંખેલી છે તેની તમને ખબર ન પડવી જોઈએ.

## Kyleena કેટલી અસરકારક છે®?

Kyleena® તેના વપરાશના દરેક વર્ષ માટે 99% કરતાં વધારે અસરકારક છે, જેનો નિષ્ફળતાનો દર તેના પહેલા વર્ષમાં માત્ર 0.2% છે.[1]

Kyleena® 5 વર્ષ સુધી અસરકારક ગર્ભનિરોધક પૂરું પાડે છે, પરંતુ તમે તે વહેલી બહાર કઢાવી લઈ શકો છો.

## શું મને તાત્કાલિક સુરક્ષા મળશે?

જો Kyleena® તમારો માસિકસ્ત્રાવ **શરૂ થયાના 7 દિવસની અંદર** લગાવી દેવામાં આવે, તો તમને ગર્ભધારણ સામે તાત્કાલિક સુરક્ષા મળી જશે.

## Kyleena® કેવી રીતે કામ કરે છે?

Kyleena® ધીમે ધીમે **નાના પ્રમાણમાં હોરમોન** છોડે છે, જે લેવોનોગેસ્ટ્રેલ (levonorgestrel) નામે ઓળખાતું પ્રોજેસ્ટોજેન છે. જ્યારે Kyleena® ગર્ભાશયમાં મૂકવામાં આવે છે ત્યારે જ્યાં તેની જરૂર હોય ત્યાં તે કામ કરે છે અને સાવ થોડા પ્રમાણમાં જ હોરમોન તમારી રક્ત નલિકાઓમાં દાખલ થશે.

સામાન્ય રીતે Kyleena® વાપરતી વખતે ઓવ્યુલેશન (ઓવરીઓમાં ઈંડા છૂટા પડવાની પ્રક્રિયા) થવાનું ચાલુ રહે છે.




Kyleena આ રીતે ગર્ભાવસ્થા રોકે છે:

- **તમારા સર્વિક્સની અંદરની ચીકાશ વધારે જાડી કરી દે છે, જેથી ઈંડાનું પ્રજનન થવા માટે શુક્રાણુઓ (સ્પર્મ) અંદર ન પ્રવેશે**
- **તમારા ગર્ભાશયની દિવાલ પાતળી કરે છે જેથી ઈંડા તેની ઉપર ચોંટી ન શકે**

## શું Kyleena® કોઈલ જેવી જ હોય છે?

Kyleena® કોપર કોઈલ જેવી નથી. તે હોરમોનની કોઈલ છે.

કોપર કોઈલ ગર્ભાવસ્થા રોકવા માટે જેમ કોપરનો ઉપયોગ કરે છે પરંતુ,

Kyleena® થોડા પ્રમાણમાં હોરમોન છૂટા પાડીને ગર્ભાવસ્થા રોકે છે.

## તમારી ફિટિંગની અપોઈન્ટમેન્ટ વખતે શું થાય છે?

Kyleena® મૂકવામાં લગભગ 5 મિનિટ જેટલો સમય લાગે છે, પરંતુ તમારી અપોઈન્ટમેન્ટ લાંબી હશે જેથી તમારા ડોક્ટર કે નર્સ તમારી સાથે બધી વિગતવાર વાતચીત કરી શકે, તમે સગર્ભા ન હોવાની ખાતરી કરી શકે અને તમે આના માટે આગળ વધવા રાજી છો તેની ખાતરી કરી શકે.

તમે જ્યારે આરામદાયક અને તૈયાર હશો ત્યારે એક પાતળી નળીનો ઉપયોગ કરીને Kyleena® તમારા ગર્ભાશયમાં મૂકવામાં આવશે.

તમારા ડોક્ટર કે નર્સ તમને શીખવાડશે કે દોરા શોધીને અને તેને મહેસૂસ કરીને Kyleena® બરાબર તેની જગ્યાએ જ છે તેની તપાસ કેવી રીતે કરવી.

## તેમાં દુખાવો થશે?

તમને તે નાંખવામાં આવી રહી હોય તે દરમ્યાન થોડોક દુખાવો, રક્તસ્ત્રાવ થાય, બેહોશ થવા જેવું અને/અથવા ચક્કર આવતા હોય એવું લાગી શકે. તમારા ડોક્ટર કે નર્સ તમારી અપોઈન્ટમેન્ટ પહેલાં તમને બને તેટલું ઓછું અગવડદાયક લાગે તે માટેના ઉપાયો જણાવી શકશે.

જો તમને વાઈ કે ફિટ આવતી હોય તો Kyleena® નંખાવો તે પહેલાં તમારા ડોક્ટર કે નર્સને જાણ કરો.

તે નાંખવામાં આવ્યા બાદ જો કદાચ થોડું લોહી પડે, તો ત્યારે વાપરવા માટે તમારી સાથે તમે કદાચ પેન્ટી લાઈનર લાવી શકો.

એકવાર લગાવી દીધા પછી, **તમને તમારી Kyleena® અનુભવાવી જોઈએ નહિ.**

## તે પછી શું થાય છે?

તે લગાવી દેવાયા પછી, તમને માસિકસ્ત્રાવ વખતે થાય તે પ્રકારના દુખાવા થઈ શકે. પરંતુ સામાન્ય રીતે આ થોડાક દિવસમાં મટી જાય છે. જો તમને Kyleena® લગાવ્યા પછી સખત દુખાવો કે ભારે રક્તસ્ત્રાવ થાય, અથવા જો દુખાવો/રક્તસ્ત્રાવ થોડાં અઠવાડિયાં કરતાં વધુ સમય સુધી ચાલુ રહે, તો કૃપા કરીને તમારા ડોક્ટર કે નર્સને મળવાની અપોઈન્ટમેન્ટ કરો.

તે લગાવી દેવાયા પછી બધું બરાબર છે તેની ખાતરી કરવા માટે 4-6 અઠવાડિયાં પછી તમારી તપાસ કરવામાં આવવી જોઈએ.

પાંચમા વર્ષના અંતે તમારા ડોક્ટર કે નર્સે તમારી Kyleena® કાઢી લેવી જોઈએ. જો તમે Kyleena® વાપરવાનું ચાલુ રાખવા માગતાં હો, તો તે જ અપોઈન્ટમેન્ટ વખતે તમારે બીજી નવી નંખાવી દેવી જોઈએ.

## શું મારું માસિક ચક્ર બદલાશે?

દરેક સ્ત્રી અલગ હોય છે, પરંતુ Kyleena® તમારી માસિકસ્ત્રાવના ચક્રને અસર કરે તે સંભવ છે, ખાસ કરીને તે મૂકાવ્યા પછીના પહેલા 3-6 મહિના દરમ્યાન. તમારું ગર્ભાશય Kyleena® સાથે ગોઠવાઈ રહ્યું હોય તે દરમ્યાન તમારા માસિક ચક્રની વચ્ચેના સમયગાળામાં જે રક્તસ્ત્રાવ થાય તેમાં થોડાં ટીપાં જેવો અથવા પૂરો રક્તસ્ત્રાવ હોઈ શકે છે.

જો કે, આના થોડા મહિના પછી, **તમને કદાચ લાગશે કે તમારો માસિકસ્ત્રાવ હળવો, ટૂંકા સમયનો થયો છે કે સાવ જ બંધ થઈ ગયો છે.** આ સાધારણ છે.

## શું હું હજુ પણ ટેમ્પોન્સ વાપરી શકું?

હા, Kyleena તમારા યોનિમાર્ગમાં નહિ પણ તમારા ગર્ભાશયમાં રહેતી હોવાથી, તમે ટેમ્પોન્સ વાપરવાનું ચાલુ રાખી શકો છો. તમારે તે સંભાળીને બદલવા જોઈએ, જેથી તમે ભૂલથી Kyleena® ના દોરા ખેંચી ના કાઢો. સેનટરી પેડ્સ વાપરવાની ભલામણ કરવામાં આવે છે.